
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડિઝાસ્ટરના નામે ભૂવા જ પડે છે માટે આપણાં વિભાગનો ભૂવા - મેનોજમેન્ટ કહેવડાવીએ તો કેવું ??

# સેક્ટર-૬માં બે કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને મેલેરિયા તંત્રએ નોટીસ ફટકારી

### બે દિવસમાં એન્ટી લારવેલ અને ફોગીંગની કાર્યવાહી નહિ કરાય તો કાયદાકીય કાર્યવાહી કરવાની પણ ચેતવણી અપાઈ : સે. ૬માં ડેન્ગ્યુના કેસે દેખા દીધી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાના શહેરી મેલેરીયાતંત્રએ શહેરની બે કન્સ્ટ્રક્શન સાઈટ્સના સંચાલકોને મ્યુનિ. એક્ટ ૧૯૪૯ની કલમ ૨૯૬, ૩૧૯, ૩૧૫, ૩૧૬ તથા ડેન્ગ્યુ નોટીફીકેશનની કલમ-૧૮૮નો ભંગ થતો હોવાની નોટીસ ફટકારી બે દિવસમાં જરૂરી કાર્યવાહી કરવામાં નહિ આવે તો કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી સ્પષ્ટ ચીમકી આપી છે.

સેક્ટર-૬માં આવેલી બે કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર તંત્રની ટીમો દ્વારા લેવાયેલી મુલાકાતોમાં મચ્છરોની ઉત્પત્તિના સૌથી વધુ બ્રીડીંગ મળ્યા હતા. આ માટે કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને વારંવાર ચેતવણી અપાયા પછી પણ યોગ્ય કાર્યવાહી કરવામાં ઉદાસીનતા દાખવવામાં આવતાં તંત્ર દ્વારા આજે કારણદર્શક નોટીસ આપી કાયદાકીય કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે.

શહેરી મેલેરીયાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આનંદ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ ઉપાસના ઈન્ફ્રા પ્રોજેક્ટ પ્રા.લિ.ને આ નોટીસો આપવામાં આવી છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઉપાસના ઈન્ફ્રા પ્રોજેક્ટ લિ.એ ડૉક્ટર હાઉસનું બાંધકામ સે. ૬ ખાતે કરી રહેલા છે. તંત્રની ટીમ દ્વારા છેલ્લે ૧૯મીએ લેવાયેલી વીઝીટ દરમ્યાન કન્સ્ટ્રક્શનના બેઝમેન્ટમાં પુષ્કળ પ્રમાણમાં મચ્છરોની ઉત્પત્તિ જોવા મળી હતી આને કારણે ડેન્ગ્યુના કેસ પણ નોંધાયા હોવાનું જણાતાં તંત્રે આ એજન્સીને નોટીસ ફટકારી છે.

આ ઉપરાંત આનંદ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ બેઝમેન્ટ-૧ અને બેઝમેન્ટ-૨માં મળી આવેલા મચ્છરોની ઉત્પત્તિ જોતાં આ નોટીસ આપવામાં આવી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે સે. ૬માંથી ડેન્ગ્યુના કેસ મળવાના શરૂ થયા છે અને બે જેટલા કેસ પોઝીટીવ આવતાં તંત્ર હરકતમાં આવ્યુ છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરની અન્ય કન્સ્ટ્રક્શન સાઈટ્સ તેમજ જીઆઈડીસી કે ભંગારના વેપારીઓને ત્યાં પણ જો મચ્છરોની ઉત્પત્તિ જણાશે તો કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# રાજ્યભરના ૧૮ જળાશયો હાઈએલર્ટ

ગાંધીનગર,તા.૨૦

રાજ્યના જળ સંપત્તિ વિભાગ, ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા.૨૦/૦૭/૨૦૧૮ના રોજ સવારે ૮-૦૦ વાગ્યે પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન વ્યાપક વરસાદના કારણે રાજ્યના ૧૮ જળાશયો હાઈએલર્ટ, ૧૧ જળાશયો એલર્ટ તેમજ ૯ જળાશયો માટે ચેતવણી આપવામાં આવી છે. રાજ્યમાં નવસારી જિલ્લાનું ઝૂજ અને કેલિયા, અમરેલીનું વાડિયા અને ધાતરવાડી, જામનગરનું પુના, ઉન્ડ-૩ અને ફુલઝર-૧, ભાવનગરનું રોજકી અને બાગડ, ગિર સોમનાથનું મચ્છુન્દ્રી અને હીરણ-૨, જૂનાગઢનું મધુવંતિ, પોરબંદરનું અમીરપુર તાપીનું દોસવાડા રાજકોટનું મોતીસર, ભરૂચનું ઢોળી, જામનગરનું કંકાવટી અને જૂનાગઢનું અંબાજલ એમ કુલ ૧૮ જળાશયો હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજયના કુલ ૧૧ જળાશયો હાઈ એલર્ટ જાહેર કરાયા છે. જ્યારે અન્ય ૯ ડેમો માટે ચેતવણી આપવામાં આવી છે. ઉતર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૮.૯૦ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૪૮.૯૦ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૨૭.૦૧ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૧૦.૦૯ ટકા અને સૌરાષ્ટ્રના ૧૩૮ જળાશયોમાં ૪૪.૩૭ એમ રાજયમાં હાલ સંગ્રહાયેલ પાણીનો કુલ જથ્થો ૩૨.૯૪ ટકા એટલે ૧,૮૩,૩૧૧ મીટર ઘન ફૂટ છે. રાજયના કુલ ૨૦૩ જળાશયો પૈકી ૧૪ જળાશયો ૧૦૦ ટકાથી વધુ, ૨૫ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૨૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકા, ૫૦ જળાશયો ૨૫ થી ૫૦ ટકા તેમજ ૯૦ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયા છે.



ગાંધીનગર મેડીકલ કોલેજમાં છેલ્લા બે દિવસથી વર્ગ-૪ના કર્મચારીઓએ પગાર વધારા મુદ્દે હડતાલ પાડી છે. પગાર વધારાની હૈયાધારણા આપી હોવા છતાં કર્મચારીઓ કામથી અળગા રહ્યા હતા. ત્યારે શનિવારના રોજ ખાનગી એજન્સીના સંચાલન આવશે પછી મામલો થાળે પડે તેવુ લાગી રહ્યું છે. જ્યારે આજે સવારથી સાંજ સુધી કર્મચારીઓ મેડીકલ કોલેજની નીચે બેઠા હતા અને સુત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

# ગાંધીનગર, અમદાવાદમાં ભારે વરસાદ પડવાની વકી

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી તંત્ર દ્વારા અકબંધ રાખવામાં આવ છે. હવામાન વિભાગે કહ્યું છે કે, ગુજરાત પર મોનસુન જોરદારરીતે સક્રિય થયેલું છે. આગામી દિવસોમાં અમદાવાદ, ગાંધીનગર, આણંદ, ખેડા, ડાંગ, નવસારી, વલસાડમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આણંદ, વડોદરા, ડાંગ, તાપી, ભરૂચ, સુરત, પંચમહાલ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરી છે તો, વલસાડ અને નવસારી જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી કરાઈ છે. હવામાન ખાતાની આગાહી મુજબ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં હજુ પણ મેઘમહેર જારી રહેશે. દરમ્યાન હવામાન ખાતાની ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને લઈ રાજય સરકાર દ્વારા તંત્રને હાઈ એલર્ટ પર રખાયું છે અને કોઈપણ પરિસ્થિતને પહોંચી વળવા અને રાહત અને બચાવની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવા નિર્દેશો જારી કરાયા છે. હવામાન ખાતાની આગાહી મુજબ, સૌરાષ્ટ્રની વાત કરીએ તો અમરેલી, ભાવનગર, રાજકોટ, પોરબંદર અને બોટાદ જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શકયતા છે. આ જ પ્રકારે ગીર સોમનાથ, જુનાગઢ અને દીવમાં પૂર પ્રકોપ સર્જે એવો વરસાદ પડી શકે છે.




### પેથાપુર ચોકડી પાસે ત્રણ દુકાનોના તાળા તુટ્યા

પેથાપુર ચોકડી પાસે રાત્રી દરમ્યાન તસ્કરોએ દુકાનોને ટાર્ગેટ કરી હતી. તસ્કરોએ દુકાનના શટરોના તાળા તોડી અંદરથી ચોરીનો પ્રયાસ કર્યો હતો. ત્રણ દુકાનોમાં તસ્કરોએ હાથફેરો કરી મોટી માલમત્તાની ચોરી કરવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ કોઈ કિંમતી ચિજવસ્તુ કે વધુ રોકડ રકમ ચોરોને હાથ લાગી ન હતી. આ મામલે પોલીસ ફરીયાદ થવા પામી નથી.

# નોકરી આપતી વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવ્યું ને યુવાન છેતરાયો

### બાયોડેટા રજીસ્ટ્રેશન ચાર્જ પેટે રૂ.૩૦૦ ઓનલાઈન ભરાવ્યા અને ડેટા ચોરી કરી તબક્કાવાર યુવાનનાં ખાતામાંથી ૧૫ હજાર રૂપિયા ઉપાડી લીધા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના એક નોકરી વાંચ્છુક યુવાને પોતાનો બાયોડેટા નોકરી આપતી એક વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરાવ્યો હતો. બાયોડેટા રજીસ્ટ્રેશન ચાર્જ પેટે રૂપિયા ૩૦૦ ઓનલાઈન ભરવાના હતા. યુવાને આ ચાર્જ ઓનલાઈન ભર્યો અને તેમાં પોતાનો એટીએમ કાર્ડ નંબર અને સીવીવી નંબર લખ્યો હતો. ત્યારબાદ આ યુવાનના બેંક ખાતામાંથી તબક્કાવાર રૂપિયા ૧૫૦૦૦ ઉપડી ગયા ત્યારે ખબર પડી કે તેને બોગસ કંપનીએ છેતરી લીધો છે. આ યુવાન સાઈબર ક્રાઈમમાં ફરિયાદ કરવા પહોંચ્યો હતો.

મળતી વિગત મુજબ કલોલની એક કંપનીમાં એપ્રેન્ટીસ કરી સારી નોકરીની શોધ કરી રહેલા સાવન પટેલ નામના યુવાને નોકરીવે ડોટકોમ નામની એક વેબસાઈટ માં પોતાનો બાયોડેટા સબમીટ કરાવી સારી નોકરી મેળવવા પ્રયત્ન કર્યો હતો. બે દિવસ પહેલા આ યુવાન પર કંપનીમાંથી ફોન આવ્યો હતો અને ઓનલાઈન રજીસ્ટ્રેશન ચાર્જ રૂપિયા ૩૦૦ ચૂકવવાનું કહીને સારી નોકરીની ઓફર આપી હતી. નોકરી વાંચ્છુક યુવાન સાવન નોકરીની ઓફરથી લલચાઈ ગયો હતો અને રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન પેમેન્ટ કર્યું હતું. ત્યારબાદ રૂપિયા ૩૦૦ ને બદલે તેના ખાતામાંથી તબક્કાવાર રૂપિયા ૧૫૦૦૦ ઉપડી જતાં તેને ખબર પડી કે તેની સાથે છેતરપિંડી થઈ ગઈ છે. સાવન પટેલ આ ફરિયાદ લઈને સેકટર-૨૧ પોલીસ સ્ટેશન ગયો હતો. જો કે સાયબર ક્રાઈમને લગતી ફરીયાદ હોવાથી પોલીસે તેને સાઈબર ક્રાઈમ સેલમાં મોકલ્યો હતો.

### સચિવાલયના કર્મચારીના બેંક ખાતામાંથી ૩૫ હજાર રૂપિયા ઉપડી ગયા

સેક્ટર-૨૧ પોલીસ મથકમાં આજે બપોરે સચિવાલયમાં ફરજ બજાવતા એક કર્મચારી પોતાની સાથે થયેલી છેતરપિંડીની ફરિયાદ લઈને આવ્યા હતા. એટીએમ મેનેજરના નામે ફોન તેમને આવ્યો હતો અને તેમના બેંક ખાતાની અને એટીએમ કાર્ડની તમામ વિગતો મેળવી લઈ તેમના ખાતામાંથી રૂ.૩૫,૫૦૦ ઉપાડી લેવાયા હોવાની ફરિયાદ લઈને કર્મચારી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જો કે સેક્ટર-૨૧ પોલીસે સાઈબર ક્રાઈમને લગતી ફરીયાદ હોવાથી આ અરજદારને પણ એલસીબી ખાતે સ્થિત સાઈબર સેલમાં જવા કહી દીધું હતું.

# શહેરના મુકિતધામ ખાતે બિનવારસી મૃતદેહના અગ્નિસંસ્કાર કરાયા

ગાંધીનગર, તા. ૨૦

મહાનગર પાલિકા સંચાલિત મુકિતધામ સેકટર-૩૦ ખાતે ડભોડા પોલીસ સ્ટેશન દ્વારા બિન વારસી પુરૂષ માનવદેહ સોંપતા તેનો લાવીનો વિક્રમ પુરબીયા, અરવિંદભાઈ, વિજયભાઈ ચૌધરી અને જીલુભા ધાંધલ દ્વારા બ્રાહ્મણ બોલાવી વિધિવત અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જયારે તા. ૨૦-૬-૧૮ થી તા.૨૦-૭-૧૮ દરમિયાન વીસ વર્ષમાં પ્રથમવાર ૧ માસમાં ૧૧ બિન વારસી માનવદેહ આવ્યા છે. જેના અંતિમ સંસ્કાર શાસ્ત્રોકત વિધીથી સન્માનપૂર્વક મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવેલ છે. તેમ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યું છે.

# બોરીજ નવાપરામાં ગટરના દુષિત પાણી ફરી વળતા સ્થાનિકોમાં આક્રોશ

### ગ્રામજનોની સમસ્યા નિવારવા સ્થાનિક કોર્પોરેટરની રજુઆત

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ બોરીજ તેમજ નવાપરામાં ગટરના દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે.બોરીજ નવાપરામાં સ્થિત આંગણવાડી નજીક અને બોરીજમાં સરકારી પ્રાથમિક શાળાની સામે ગટરનુ દુષિત પાણી ઉભરાતા અસહ્ય ગંદકી ખદબદી રહી છે. જયારે ડ્રેનેજ ઈન્કવાયરીને પણ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી.

મહાનગરપાલિકાના વોર્ડ નં -૨ ના કોર્પોરેટર લલીતાબેન વી ઠાકોરના જણાંવ્યા મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ બોરીજ ગામમાં સરકારી પ્રાથમિક શાળાની સામે તેમજ બોરીજ નવાપરામાં આંગણવાડીની બાજુમાં છેલ્લા ઘણાં સમયથી ગટર ઉભરાવાની સમસ્યા વકરી છે. જેના લીધે સ્થાનિક ગ્રામજનોને પણ અવરજવર કરવામાં પણ મુશ્કેલી વેઠવી પડે છે. જયારે ગટરના ગંદા પાણી માર્ગ પર ઉભરાતા ગમે ત્યારે રોગચાળો વકરે તેવી દહેશત પણ સ્થાનિકોમાં પ્રવર્તી છે. આ મામલે સ્થાનિકો દ્વારા અવારનવાર સે-૨૨ ડ્રેનેજ ઈન્કવાયરીમાં રજુઆત કરવામાં આવી છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. તંત્રના મેનપાવર દ્વારા પણ સ્થળ પર સ્થિતિનુ નિરિક્ષણ કરીને સમસ્યા નિવારવા માટે કોઈ પગલા લેવાતા નથી. સ્થાનિકોની ફરિયાદનુ ઝડપથી નિરાકરણ આવે તે માટે તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે.



### પૂજન ફાઉન્ડેશન દ્વારા રોપાઓનું વાવેતર કરાયું

ગાંધીનગર શહેરના પૂજન ફાઉન્ડેશન અને ભાજપ મહિલા પાંખ દ્વારા વન મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રો ગીન થીમ પર પ્રજ્ઞાબેન ગજ્જરે તેમના ડાન્સ કલાસમાં આવતા તાલિમાર્થીઓને એક વૃક્ષ આપીને તેના ઉછેરની જવાબદારી સોંપવામાં આવી હતી. તેમજ પર્યાવરણ અંગે દરેક બાળકને સમજણ પુરી પાડવામાં આવી હતી. દરેક બાળક આ વૃક્ષની માવજત કરશે અને તેનું નામ પણ પાડશે. જયારે સેકટર-૨ ડી ખાતે પૂજન ફાઉન્ડેશ ન અને ભાજપ મહિલા પાંખ દ્વારા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. સમગ્ર પર્યાવરણ અને શહેરને હરીયાળુ રાખવાના ઉદેશ સાથે પૂજન ફાઉન્ડેશનના પ્રમુખ રૂપેશ ગજ્જરે તથા ભાવનાબેન ગજ્જરે સહયોગ પુરો પાડ્યો હતો. ૨૦૦ થી વધુ રોપાઓનું બાળકોને વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં આર્યુવેદના છોડ,સરગવો, ગુલમહોર, નગોળ, લિમડો, આંબો, જાંબુ, પીપળો, આસોપાલવ, જાસુદ સહિતનો સમાવેશ થાય છે.

# ગાંધીનગર કલેક્ટર કચેરીમાં રિનોવેશન હાથ ધરાયુ

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં રિનોવેશનનું કામ પૂરઝડપે ચાલી રહ્યુ છે. જિલ્લા કલેક્ટરશ્રીની કચેરીનું જ રિનોવેશન કાર્ય હાલ તેના અંતિમ તબક્કામાં છે અને એકાદ સપ્તાહમાં આ કામગીરી પૂર્ણ થઈ જશે. જિલ્લા કલેક્ટરશ્રી હાલ અધિક નિવાસી કલેક્ટરની ચેમ્બરમાં તેમનું કાર્યાલય સ્થળાંતરિત કર્યુ છે તો અધિક નિવાસી કલેક્ટર તેમની સામેની બાજુની એક ખાલી કચેરીમાં સ્થળાંતરિત થયા છે. જિલ્લા વહીવટીતંત્રમાં કલેકટરશ્રીની કચેરીનું જ રિનોવેશન નવી કચેરી બન્યા પછી પહેલીવાર હાથ ધરવામાં આવ્યુ છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

(રાજ્ય સરકારને મળેલ સત્તા અન્વયે પ્રસિદ્ધ કરવાના કલમ-૧૧ના જાહેરનામાનો મુસદ્દો)

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)

જીલ્લો : ખેડા

ક્રમાંક :-અમ-૨૦૧૮-૫૨૦-મ-જખડ-૨૦૧૭-૧૮૨૪-ચ તા. ૪/૭/૨૦૧૮

રાજ્ય સરકારને જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસુચિ નિર્દિષ્ટ કરેલ જમીનોની 'લાંક મુખ્ય નહેર સાંકળ ૬૨૧૦ થી ૭૫૭૦મી વચ્ચે' કરવા જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠલ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસુચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાની સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયર કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોની નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત હેતુ માટે જરૂર છે. તો સદરહુ અધિનિમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતુ કર્યુ હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩ (જ) હેઠળ જીલ્લા કલેક્ટરશ્રી જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાઓની કચેરી હિંમતનગરને ખાસ જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

આ કાયદાની કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર જમીનમાં હિત ધરાવતી વ્યક્તિ / ઈસમ જમીન સંપાદન અંગેના વાંધા નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી, હિંમતનગર સમક્ષ રજુ કરી શકાશે.

અનુસુચિ — જીલ્લા : ખેડા તા : કપડવંજ : ગામ : કાવઠ

| અ.નં. | ગામનું નામ | જુના સર્વે નંબર | સંપાદિત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | કાવઠ | ૨૨૯ | ૦-૨૮-૬૧ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
સરકારના ઉપસચિવ

માહિતી/હિંમત/૨૧૮/૧૮

# અમદાવાદનાં વેજલપુરમાં ૫ ઈંચથી વધુ વરસાદ

અમદાવાદ,તા.૨૦

દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્યગુજરાતમાં ભારે વરસાદ થયા બાદ અમદાવાદમાં પણ આખરે આજે ભારે વરસાદ થયો હતો અને કલાકોના ગાળામાં જ અમદાવાદ શહેરમાં સરેરાશ બે ઈંચથી વધુ વરસાદના કારણે જનજીવન ખોરવાઈ પડ્યું હતું. સાંજે કલાકોના ગાળામાં જ અમદાવાદ શહેરના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદથી જળબંબાકારની સ્થિતિ પણ સર્જાઈ ગઈ હતી. નવા પશ્ચિમ ઝોનમાં સૌથી વધારે સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. નવા પશ્ચિમ ઝોનમાં આવેલા વેજલપુરમાં પાંચ ઈંચથી પણ વધુ વરસાદ ખાબકી ગયો હતો જ્યારે બોડકદેવમાં બે ઈંચથી વધુ વરસાદ થતાં તમામ જગ્યાઓએ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. દક્ષિણ ઝોનની વાત કરવામાં આવે તો મણિનગરમાં બે ઈંચથી વધુ અને વટવામાં દોઢ ઈંચથી વધુ વરસાદ થયો હતો. ઉત્તર ઝોનમાં મેમ્કોમાં અડધા ઈંચથી વધુ વરસાદ થયો હતો. દુધેશ્વરમાં પોણો ઈંચ વરસાદ થયો હતો. જો કે, સૌથી કફોડી હાલત વેજલપુરમાં થઈ હતી. આજના વરસાદ સાથે જ અમદાવાદમાં સિઝનનો વરસાદ છ ઈંચ થઈ ગયો છે. હજુ સુધી ચાર ઈંચ જેટલો વરસાદ થયેલો હતો. લગભગ એક મહિના જેટલી લાંબી રાહ જોવડાવ્યા બાદ આખરે મેખરાજા મોડે મોડે પણ અમદાવાદ શહેર પર આજે જાણે મહેરબાન થયા હતા. આજે અમદાવાદ શહેરમાં ભારે ગાજવીજ અને વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર તોફાની વરસાદ તૂટી પડતાં અમદાવાદીઓ વરસાદી માહોલને લઈ ખુશખુશાલ બન્યા હતા. લાંબા સમય બાદ ચોમાસાનો ખરો વરસાદ હોય એ રીતે મેઘરાજા મહેરબાન થતાં શહેરીજનોએ બાફ અને ઉકળાટના વાતાવરણમાં રાહત મેળવી હતી અને વરસાદી ઠંડકનો આખરે અનુભવ કર્યો હતો. શહેરમાં આજે ધોધમાર તોફાની વરસાદને લઈ આજે શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારો તો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પૂર્વના વિસ્તારમાં ફરી એકવાર સોસાયટીઓ-દુકાનોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. તો, શહેરના માર્ગો પર ભારે વરસાદ અને પાણી ભરાવાના કારણે ઠેર-ઠેર ટ્રાફિક ચક્કાજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. મણિનગરમાં સૌથી વધુ ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. નવા પશ્ચિમ ઝોનમાં દોઢથી બે ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. જેના કારણે વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. અમદાવાદમાં આજના ધોધમાર વરસાદે શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સત્તાવાળાઓના પ્રિ-મોન્સુન એકશન પ્લાનની પોલ ખુલ્લી પાડી દીધી હતી. અમદાવાદ શહેરમાં કેટલાક વિસ્તારોમાં આજે વહેલી સવારે વરસાદના હળવાથી ભારે ઝાપટા પડયા હતા.

